(તસવીર : દિપક જાની)

સ્કૂલ ઓફ મ્યુઝિકનો પ્રારંભ - ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત સ્કૂલ ઓફ મ્યુઝિક અને સ્કૂલ પર્સનાલિટી ડેવલપમેન્ટનો મંગલ પ્રારંભ ગુજરાતના દિગ્ગજ કલાકારો મનોજ જોષી અને પાર્થિલ ગોહિલે દીપ પ્રાગટ્ય દ્વારા કર્યો હતો... આ પ્રસંગે શાસ્ત્રીય નૃત્યો અને લોકનૃત્યો રજૂ થયા હતા. જ્યારે પાર્થિવ ગોહિલે લોકપ્રિય ગુજરાતી ગીતો રજૂ કરી પ્રેક્ષકોના મન જીતી લીધા હતા.

ગાંધીનગર ખાતે પ્રતિભા ખોજ કાર્યક્રમમાં બાળકોની અભિનવ અભિવ્યક્તિ

ગાંધીનગર, તા.૧૫

શાસનાધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આયોજિત ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓના બાળકોના પ્રતિભા ખોજ અંગેના કાર્યક્રમને આરોગ્ય, તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ વિભાગના મંત્રી અને ગાંધીનગર જિલ્લા પ્રભારી મંત્રી શ્રી નિતીનભાઈ પટેલના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પ્રભારી મંત્રી અને આરોગ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજયના મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ મુખ્ય મંત્રી ઉપરાંત એક શિક્ષિકા તરીકે મહિલા અને બાળકો માટે પ્રેરણા સ્વરૂપ છે, તેઓના માર્ગદર્શન હેઠળ રાજયની સરકારી અને ખાનગી શાળાઓમાં, કોલેજોમાં અને અન્ય ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં રહેલ વિશેષ પ્રકારની પ્રતિભાને બહાર લાવવા માટે આ અનેરા કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

મનપાના કાર્યક્રમમાં જ પદાધિકારીઓ અને કાઉન્સીલરોની ગેરહાજરી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકા અને શહેરી વિસ્તારની શિક્ષણાધિકારી કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ 'પ્રતિભા ખોજ' કાર્યક્રમમાં મનપાના પદાધિકારીઓ અને કાઉન્સીલરોની ગેરહાજરીએ સૌને ચોંકાવી દીધા છે અને આ મુદ્દો સૌની ચર્ચાનો મુદ્દો બન્યો છે.

રાજ્યના આરોગ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં શહેરની પ્રાથમિક શાળાના બાળકોની પ્રતિભા ખોજ કાર્યક્રમમાં ડે. મેયર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તેમજ કાઉન્સીલરોની ગેરહાજરી સૌને ઉડીને આંખે વળગી હતી. જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલ પણ ગેરહાજર રહ્યા હતા. ૯૦૦ થી વધુ બાળકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પદાધિકારીઓની ગેરહાજરી તેમજ એન્કરીંગ માટે સંકલનનો સંપૂર્ણ અભાવે કાર્યક્રમના ઉત્સાહને તોડી નાખ્યો હતો.

મંત્રીશ્રીની વિદાય પછી તો ગણ્યા ગાંઠ્યા આગેવાનો પણ કાર્યક્રમનું સ્થળ છોડી ગયા હતા. મનપા દ્વારા પહેલીવાર શહેરની પ્રા. શાળાના બાળકોને સાંકળી યોજાયેલ આ કાર્યક્રમમાં પદાધિકારીઓની ગેરહાજરીને લઈ કાર્યક્રમના કદને પણ ટુંકાવવો પડ્યો હતો.

સ્પેશિયલ ઑલિમ્પિક્સ વર્લ્ડ સમર ગેમમાં ગાંધીનગરના બે વિશિષ્ટ ખેલવીરો ભાગ લેશે

રાજ્યમાંથી ૨૦ ખેલવીરો અને ૫ કોચ સ્પર્ધામાં મુખ્યમંત્રીએ રૂબરૂ મળી શુભકામનાઓ પાઠવી

ગાંધીનગર, તા. ૧૫

અમેરિકાના લોસ એન્જલસ ખાતે આગામી તા. ૨૧ જુલાઈથી આયોજિત સ્પેશિયલ ઑલિમ્પિક્સ વર્લ્ડ સમર ગેમ્સમાં

ભાગ લેવા માટે ગાંધીનગરના બે વિશિષ્ટ ખેલવીરો રવાના થઈ રહ્યા છે.

માણસા તાલુકાના માણેકપુર ગામના ખેલવીર સુનીલ બેચરભાઈ પટેલ સૉફ્ટબૉલની રમત માટે અને કલોલ તાલુકાના હાજીપુરની વિદ્યાર્થીની પાયલ પ્રભુદાસ ઠક્કર વૉલીબૉલની રમત માટે દેશના વિશિષ્ટ ખેલવીરોની ટીમમાં સામેલ થઈ આ રમતોત્સવમાં ભાગ લેશે. બંને ખેલવીરોની આ સિદ્ધિમાં તેમનાં વિશિષ્ટ શિક્ષકો અનુક્રમે તેમનાં વિશિષ્ટ શિક્ષકો ભોળાભાઈ પટેલ અને વંદનાબેન ભટ્ટનો ખૂબ મોટો હિસ્સો છે. ઉપરાંત નેશનલ ટ્રેનર જિજ્ઞેશ રાવલ દ્વારા બંને ખેલવીરોને તાલીમ આપીને તૈયાર કરવામાં આવ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે આ સમર ગેમમાં ૧૭૭ દેશોના ૭ હજાર એથ્લીટ્સ ભાગ લઈ રહ્યા છે, જેમાં ઑલિમ્પિક્સ જેવી વિભિન્ન ૨૫ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતમાંથી ૨૪૧ ખેલવીરો, ૬૦ કોચ મળીને ૩૦૧ની ટીમ તથા ગુજરાતમાંથી ૨૦ ખેલવીરો અને ૫ કોચ મળી કુલ ૨૫ વ્યક્તિઓની ટીમ આ સમર ગેમમાં ભાગ લઈ રહી છે.

સ્પેશિયલ ઑલિમ્પિક્સનો મુખ્ય ધ્યેય માનસિક વિશિષ્ટ બાળકો, વ્યક્તિઓ માટે વર્ષ

● અનુસંધાન પાન-૭ પર

કલા-સંસ્કૃતિ સાથે જોડાવાથી સાચા માણસ બની શકાય છે : મનોજ જોષી

નગરના ટાઉનહોલને ઉપેન્દ્ર ત્રિવેદીનુ નામાભિધાન કરવાના વિચારને કલા રસિકોએ વધાવ્યો સરકાર આ લોકમાંગણીનો સ્વિકાર કરવા અપીલ : કલ્ચરલ ફોરમ આયોજિત રંગારંગ કાર્યક્રમમાં પાર્થિવ ગોહીલે શ્રોતાઓને સુરીલા સ્વર સાથે ડોલાવી સ્કુલ ઓફ મ્યુઝિક અને પર્સનાલિટીનો શુભારંભ કર્યો

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર તા ૧૫

કલા અને સંસ્કૃતિક્ષેત્રે જોડાયેલા રહેવાથી માણસનુ ઘડતર થાય છે. કલાસંસ્થાઓમાં શિક્ષણ મેળવી કદાચ સારા સંગીતકાર કે ગાયક ન બની ન શકે પરંતુ શ્રેષ્ઠ નાગરિક ચોકકસ થઈ શકે છે. તેવા ઉમદા વિચારને રજુ કરતા જાણીતા અભિનેતા મનોજ જોષી(ચાણક્ય)એ કલ્ચરલ ફોરમના પ્રયાસને બિરદાવી સ્કુલ ઓફ મ્યુઝિક તેમજ પર્સનાલિટી ડેવલપમેન્ટના પ્રારંભે સંસ્થાને શુભેચ્છા પાઠવી હતી. ગુજરાતના શ્રેષ્ઠ કલાકારોની ઉપસ્થિતિમાં નગરના ટાઉનહોલને ઉપેન્દ્ર ત્રિવેદી નામાભિધાનથી નવાજવા પણ પ્રબળ લાગણી વ્યકત કરવામાં આવી હતી. પાર્થિવ ગોહીલે શ્રોતાઓને સંગીતના સથવારે ડોલાવી સ્કુલ ઓફ મ્યુઝિકનું ઉદઘાટન કર્યુ હતું.

ઉપેન્દ્ર ત્રિવેદીના ૮૦મા જન્મદિવસે એકપાત્રિય અભિનયના વિજેતાઓને નવાજયા

ગાંધીનગરમાં કલા અને સાંસ્કૃતિક પ્રવૃતિના માધ્યમથી નગરજનોમાં ચેતના પ્રગટાવવાનુ ઉમદા કાર્ય કરતી સંસ્થા કલ્ચરલ ફોરમ દ્વારા ઉગતા કલાકારોને પ્રાત્સાહિત કરવા સ્કુલ ઓફ મ્યુઝિકનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અન્વયે નગરના ટાઉનહોલમાં યોજાયેલા રંગારંગ કાર્યક્રમમાં ગુજરાતના બે દિગ્ગજ કલાકારોએ હાજરી આપી સંસ્થાની આ પ્રવૃતિને બિરદાવી હતી. આ તબક્કે ઉપસ્થિત જાણીતા કલાકાર મનોજ જોષીએ જણાંવ્યુ હતુ કે કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ કદાચ ઉત્તમ ગાયક કે સંગીતકાર ન બને પરંતુ સારા માણસ ચોક્કસ બને છે. આ ક્ષેત્રમાં સંકળાયેલા રહેવાથી માણસનુ ઘડતર થાય છે. માણસે પોતાની વાત કયારે અને કેવી રીતે કરવી તેની સમજ પણ સાહજિક રીતે જ તેનામાં કેળવાય જાય છે. માટે જ નગરમાં આ ઉમદા પ્રવૃતિ કરતી સંસ્થા કલ્ચરલ ફોરમને ધન્યવાદ પાઠવુ છું. આ તબક્કે તેમણે અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીને યાદ કરતા જણાંવ્યુ હતુ કે પોતાના સાહિત્યમાંથી નાટકોની રચના કરતા અભિનય સમ્રાટને ગુજરાતી ભાષાનુ વિશેષ મહત્વ હતું અને માટે જ તેઓ મોટા કલાકાર અભિનય સમ્રાટ બન્યા ઉપેન્દ્ર ત્રિવેદીના ૮૦મા જન્મ

● અનુસંધાન પાન-૭ પર

નબળા પરિણામવાળી શાળાઓના શિક્ષકોના ઈજાફા અટકાવાશે

છેલ્લા ૩ વર્ષથી ૩૦ ટકાથી નીચુ પરિણામ ધરાવતી શાળાઓને નોટીસ ધો-૧૦માં શાળાઓના નીચા પરિણામ બદલ જિલ્લા શિક્ષણ તંત્ર હરકતમાં

ગાંધીનગર તા ૧૫

ધોરણ - ૧૦ માં છેલ્લા ૩ વર્ષથી ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓના આચાર્ય તેમજ સંબંધિત વિષય શિક્ષકોના ઈજાફા અટકાવવા જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા નોટીસ આપી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લાની ૩ જેમાં ૨ ગ્રાન્ટેડ તેમજ એક સરકારી શાળાનું પરિણામ છેલ્લા ત્રણ વર્ષથી ૩૦ ટકાથી પણ નીચુ આવતુ હોવાનું ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં સરકારી શાળાઓનુ નબળુ પરિણામ સરકાર માટે ચિંતાનો વિષય બન્યો છે. શાળોઓમાં પરિણામ સુધારણા માટે વધારાના વર્ગો ઉપરાંત શિક્ષકોને જરૂરી તાલીમ આપવામાં આવે છે.

શાળાઓનુ પરિણામને અનુલક્ષી આ વખતે શિક્ષણ વિભાગ દ્વારા ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓને નજીકની પ્રાથમિક શાળાઓને દત્તક લેવા પણ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જેના આધારે આગામી દિવસોમાં ઉજ્જવળ પરિણામ ધરાવતી શાળાઓને દત્તક લેવાની ગતિવિધિઓ હાથ ધરવા પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ધોરણ-૧૦ માં જિલ્લાની ૨૪ શાળાઓનું પરિણામ ૩૦ ટકાથી નીચુ આવ્યુ હોવાનુ ધ્યાને આવતા જિલ્લા શિક્ષણ તંત્રમાં પણ નબળા પરિણામને અનુલક્ષી ચિંતા પ્રવર્તી છે. જેમાં જિલ્લાની ૩ શાળાઓનુ પરિણામ છેલ્લા ત્રણ વર્ષથી ૩૦ ટકાથી નીચુ આવે છે. જેમા ૨ ગ્રાન્ટેડ અને ૧ સરકારી શાળાઓનો સમાવેશ થાય છે. જેને અનુલક્ષી જિલ્લા શિક્ષણાધિકારીએ આ ત્રણેય શાળાઓના આચાર્યોને નોટીસ આપી ઈજાફા અટકાવવા સુધીના પગલા લેવા કાર્યવાહી હાથ ધરી છે. જેમાં સંબંધિત વિષય શિક્ષકો સામે પણ નિયમ મુજબ પગલા લેવાશે.

હાર્દિક અભિનંદન

નરેન્દ્ર એમ. શાહ

કીરીટ સી. શાહ

વડોદરા જિલ્લા મિત્રમંડળ ગાંધીનગરના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ એમ. શાહની ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્ક લિ.માં ડીરેક્ટર તરીકે ચૂંટાતા અને મંત્રીશ્રી કીરીટ સી. શાહની ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીમાં બિનહરીફ ડીરેક્ટર તરીકે ચૂંટાતા વડોદરા જિલ્લા મિત્રમંડળ ગાંધીનગરના તમામ સભ્યશ્રીઓ તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને હાર્દિક શુભેચ્છાઓ....

શુભેચ્છકો
વડોદરા જિલ્લા મિત્રમંડળ,
ગાંધીનગર પરિવાર

રાઈટ ટુ એજયુકેશન અન્વયે જિલ્લામાં વધુ ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે

ગાંધીનગર તા ૧૫

રાઈટ ટુ એજયુકેશન અન્વયે હાલની સ્થિતિએ જિલ્લા શિક્ષણતંત્રકક્ષાએ ૧૨૫ વિદ્યાર્થીઓની પ્રતિક્ષા યાદી છે. જયારે આર ટી ઈ મુજબ વધુ ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જો કે આ દરખાસ્તને મંજુરી આપવા હકારાત્મક વલણ અપનાવાતા અગ્રતા ક્રમ મુજબ જરુરીયાતમંદ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરાશે.

આર્થિક રીતે નબળા અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને શહેરની ગ્રાન્ટેડ ઈન શાળાઓમાં વિના મુલ્યે શિક્ષણ પુરુ પાડવા આર ટી ઈ ની યોજના અન્વયે વિદ્યાર્થીઓને ધોરણ-૧માં શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે છે. અગાઉના બે વર્ષ દરમિયાન આ મામલે તંત્ર લક્ષ્યાંક હાંસલ ન કરી શકતા ચાલુ વર્ષે જિલ્લા કલેકટર સહિત શિક્ષણ વિભાગે આ અંગે

૧૨૫ની પ્રતિક્ષા યાદીમાંથી અગ્રતા ક્રમ નક્કી કરી પ્રવેશ અપાશે

● અનુસંધાન પાન-૭ પર

અભિનંદન

શ્રી બિપીનસિંહ દશરથસિંહ વાઘેલા
(કોલવડા)

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળની યોજાયેલ ચૂંટણીમાં સેક્ટર-૨૬/૨૭ના ડિરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિના શીખરો સર કરો તેવી હાર્દિક શુભેચ્છા સહ...

દિલીપસિંહ પ્રતાપસિંહ બિહોલા
પ્રદિપસિંહ પ્રતાપસિંહ બિહોલા (પ્રમુખ સચિવાલય સેક્શન ઓફીસર એસો.)
વિજયસિંહ પ્રતાપસિંહ બિહોલા (કસ્ટમ સુપ્રીટેન્ડેન્ટ, જામનગર)
ઋતુરાજસિંહ પ્રદિપસિંહ બિહોલા (મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા)
દેવેન્દ્રસિંહ દિલીપસિંહ બિહોલા (પ્રોફેસર, સાયન્સ કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર)

જાહેર આભાર

મંગળભાઈ કે. પટેલ

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની સેક્ટર-૧ અને ૮ની બેઠક પરથી ભારે બહુમતીથી વિજયી બનાવવા બદલ તમામ સભાસદો અને શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર માનું છું.

પ્રચાર માધ્યમો પર ચમકતા અધિકારીઓ પર સરકારી લગામ

ગાંધીનગર, તા. ૧૫

દેશ-વિદેશમાં બનતી ઘટનાઓ કે રાજકીય પરિવર્તન પર એક્સપર્ટ કોમેન્ટ આપવા ટીવી ચેનલો પર બેસી જતાં અધિકારીઓ પર લગામ કસવાનું સરકારે નક્કી કર્યુ છે. આવા કાર્યક્રમોમાં ભાગ લઈ પ્રસિદ્ધિ અને આર્થિક લાભ મેળવનારા સામે પગલાં લેવા ગૃહ વિભાગે એક નવો પરિપત્ર બહાર પાડ્યો છે. જેનાથી આવા પ્રસિદ્ધિ વાંચ્છુ સરકારી બાબુઓની જમાતમાં ખળભળાટ વ્યાપી ગયો છે.

રાજ્યના ગૃહ વિભાગે ગત બીજી જુલાઈએ પરિપત્ર પાઠવી પ્રેસ તેમજ રેડિયો/ટીવી સહિતના પ્રસારણ માધ્યમોમાં ભાગ લેતા પૂર્વે સરકારશ્રીની પૂર્વ મંજુરી લેવા તાકીદ કરી છે. પરિપત્રમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકારમાં સેવા બજાવતા વર્ગ-૧ અને ૨ સંવર્ગના અધિકારીઓએ પ્રેસ અથવા રેડિયો/ટીવી પ્રસારણ જેવા કાર્યક્રમમાં ભાગ લેતા પહેલા સરકારની પૂર્વ મંજુરી લેવી જરૂરી છ. સરકારના ધ્યાનમાં આવ્યું છે કે કેટલાક અધિકારીઓ વિવિધ ખાનગી ચેનલો પર આવતા કાર્યક્રમમાં સરકારની પૂર્વ મંજુરી વિના ભાગ લે છે જે સરકારની સૂચનાઓના ભંગ સમાન ગણાય છે. પ્રેસ, રેડીયો, ટીવી કે અન્ય કોઈપણ પ્રકારના કાર્યક્રમમાં ભાગ લેવા જવાનુ થાય ત્યારે તે કાર્યક્રમમાં ભાગ લેવા જવા માટે સરકારની મંજુરી આવશ્યક છે. સરકારની પૂર્વ મંજુરી વગર આવા કાર્યક્રમમાં ભાગ લેવામાં આવે તો તેને ગુજરાત રાજ્ય સેવા (વર્તુણુંક) નિયમો, ૧૯૭૧ના નિયમ ૮(૨)(ખ)ની સૂચનાઓનો ભંગ કરવામાં આવેલો છે તેમ ગણાવામાં આવશે. ખાસ કરીને પોલીસ સંવર્ગના વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓ તરીકે પોલીસદળની મહત્વની જવાબદારી વહન કરનાર સરકારી અધિકારીઓ છે.

આથી તેમણે આ રીતે પ્રસિદ્ધિ અને આર્થિક લાભ મેળવવાની ઝંખના રાખવી જોઈએ નહી. ભવિષ્યમાં સરકારમાં સેવા બજાવતા ગૃહ વિભાગ હેઠળના અધિકારી/કર્મચારીઓ દ્વારા સરકારશ્રીની પૂર્વ મંજુરી વગર આવા કાર્યક્રમમાં ભાગ લેવામાં આવશે તો તેને ગુજરાત સરકાર દોષી ગણી કાયદાકીય કાર્યવાહી કરશે.

જોઈએ છે

SBI ગ્રૂપ સાથે જોડાઈને મહિને રૂ. ૨૫૦૦૦/- કે તેથી વધુ કમાવવાની સુવર્ણ તક, કોઈપણ, હાઉસ વાઈફ, રીટાયર્ડ, બીઝનેશમેન, તેમજ નોકરિયાત ભાઈ-બહેનો
(M) 9924441298

જગ્યા ભાડે આપવાની છે
(શો-રૂમ, બેન્ક, ઓફિસ લાયક)
પ્રથમ માળ-૧૪૦૦ ફુટ, બીજો માળ-૧૩૦૦ ફુટ
ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
સંપર્કનો સમયઃ- સવારે ૧૦.૩૦ થી ૨.૦૦
M. 98795 23860

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીકટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com